ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૧ ટકા

# સિવિલમાં ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ બંધ થશે

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજયના આરોગ્ય વિભાગ દ્વારા પાયલોટ પ્રોજેકટ તરીકે રાજયમાં સૌ પ્રથમવાર વર્ષ ૨૦૧૬ના ડિસેમ્બર માસમાં ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમનો ગાંધીનગર સિવિલથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. પરંતુ પ્રોજેકટનો પ્રચાર-પ્રસાર યોગ્ય રીતે સિવિલ તંત્ર દ્વારા કરવામાં ન આવતા દર્દીઓ સુધી આ પ્રોજેકટની વિગત પહોંચી શકી નહોતી. જેથી દર્દીઓ માટેના આ પ્રોજેકટથી દર્દીઓ ખુદ જ અજાણ હતા. ત્યારે વર્ષ ૨૦૧૭ માં માત્ર આ પ્રોજેકટ હેઠળ ૮૫ દર્દીઓએ લાભ લીધો છે. જયારે ઓપીડીની બાજુમાં સમાંતર ઓનલાઈન સિસ્ટમની ઓપીડી શરુ કરી હતી. ત્યારે આ ઓપીડીને હાલના સમયે તાળા વાગી ચુકયા છે. રાજયના આરોગ્ય વિભાગનો આખે આખો પ્રોજેકટ ગાંધીનગર સિવિલમાં બંધ થાય તેવી સ્થિતિ વર્તાઈ રહી છે.

રાજયની સરકારી હોસ્પિટલમાં દર્દીઓને લાંબી લચક લાઈનમાં ઉભુ રહેવુ ન પડે તેમજ દર્દીઓનો સમય ન બગડે અને દર્દીઓને સરળતાથી યોગ્ય સારવાર મળી રહે તેવા ઉમદા આશયથી આરોગ્ય વિભાગ દ્વારા ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમનો પ્રોજેકટ અમલી બનાયો હતો. જેનો પ્રારંભ ગાંધીનગર સિવિલ ખાતેથી કરાયો હતો. આ પ્રોજેકટનો પ્રચાર પ્રસાર ન થતા દર્દીઓ સુધી પ્રોજેકટરની માહીતી પહોંચી નથી. જેથી વર્ષ ૨૦૧૭માં માત્ર ૮૫ દર્દીઓએ લાભ લીધો છે. જયારે ૨૦૧૭ ના એપ્રિલ માસમાં એક પણ દર્દી આ સેવા હેઠળ નોંધાયો નથી. જયારે ડિસેમ્બર માસમાં એક દર્દીએ લાભ લીધો હતો. ત્યારે ઓપીડી વિભાગની સમાંતર ઓપીડી ચલાવાની હોવાથી બીજા રુમમાં ઓપીડી શરુ કરાઈ હતી તેને પણ તાળા વાગી ચુકયા છે. ગાંધીનગરથી શરુ કરાયેલા પાયલોટ પ્રોજેકટ ગાંધીનગર સિવિલમાં બંધ થવાની સ્થિતિમાં છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ગાંધીનગર સિવિલ પર મુકવામાં આવેલ જવાબદારી નિભાવી શકયુ નહી જેથી આગામી દિવસોમાં આ પ્રોજેકટ અન્ય સિવિલમાં શરુ થાય છે કે કેમ તે પણ જોવુ રહ્યું..

## સે-૭ માં માઈક્રો શોંપીગની દુકાનો કયારે બનશે



ગાંધીનગર શહેરના મોટાભાગના સેકટરોમાં તંત્ર દ્વારા માઈક્રોશોંપીગ ઉભુ કરવામાં આવ્યું છે. જેમાં વેપારીઓ વિવિધ ચીજવસ્તુઓનો વેપાર કરે છે. ત્યારે સે-૭ માં માઈક્રોશોંપીગ વર્ષો બાદ પણ તૈયાર થઈ શક્યું નથી. જયારે દિવાલો પણ હવે પડવાની તૈયારીમાં હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે આ દુકાનોને કયું ગ્રહણ લાગ્યું છે તે કોઈ કહી શકતુ નથી. પરંતુ આ દુકાન તૈયાર થાય અને વેપારીઓને મળે તો વેપારીઓનું જીવન નિર્વાહ થઈ શકે તેમ છે. તેમજ નાગરીકો માટે પણ ચીજવસ્તુઓની ખરીદી માટે એક સુવિધા ઉભી થઈ શકે છે. નાના વેપારીઓ તંત્ર દ્વારા સત્વરે દુકાનો આપવામાં આવે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

## ઈન્ફોસીટી સર્વેલન્સ સ્કોર્ડે ઈન્દ્રાણી મંદિરમાં મુગટ ચોરીનો ભેદ ઉકેલ્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર ઈન્ફોસીટી પોલિસની સર્વેલન્સ સ્કોર્ડે બાતમીના આધારે ઈન્દ્રોડા ગામના ઈન્દ્રાણી મંદિરમાં હનુમાનજીના મુગટની ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. પોલીસે આ ચોરી ઉપરાંત બે વાહનોના ગુના શોધી કાઢયા હતા. ઈન્ફોસીટી પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરમાં ઘરફોડ ચોરીની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. તસ્કરો સક્રીય બન્યા છે ત્યારે હવે પોલીસે પણ તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આજ ચોરીના ગુના પૈકી એક ગુનામાં ઈન્ફોસીટી પોલીસને સફળતા મળી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા ગામે ઈન્દ્રાણી માતાનું મંદિર આવેલું છે. જયાં મંદિરમાં હનુમાનજીની મૂર્તિ પરથી કેટલાક તસ્કરો મુગટ ચોરી ગયા હતા. ચોરી અંગે પુજારીએ



પોલિસ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ઈન્ફોસીટી સર્વેલન્સ સ્કોર્ડ એ સક્રીય બની પેટ્રોલિંગ સઘન બનાવ્યું હતું. આ દરમિયાન મુગટની ચોરી અંગે સ્કોર્ડને ખાનગી બાતમી મળી હતી કે મુગટની ચોરી કરનાર આરોપી ઈસમ રાયસણ પેટ્રોલ પંપ પાસે ઈકો ગાડી લઈને ઉભો છે. જે બાતમીની હકીકતના આધારે બાતમીના સ્થળે કોર્ડન કરી આરોપી હિતેશ પુંજાજી ઠાકોર (રહે. સે-૩-ડી, મુળ ગામ બાસણ)ની ધરપકડ કરી હતી. પોલિસે સઘન પુછપરછ કરતા આરોપીએ મુગટની ચોરીની કબુલાત કરી હતી. મુગટ સેકટર-૩ની ખુલ્લી ઝાડીઓમાં છુપાવેલ છે તેવું પણ પોલિસને જણાવ્યું હતું. પોલિસે આ તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલિસે આરોપીની પુછપરછ કરતા ૧૫ દિવસ અગાઉ રૂ. ૨ લાખની કિંમતની ઈકો ગાડીની અમદાવાદ સિવિલ હોસ્પિટલથી ચોરી કરી હોવાની તથા સરગાસણ રેડીયન્ટ સ્કૂલ પાસેથી એક મોટર સાયકલની ચોરી કરી હોવાની પણ આરોપીએ કબુલાત કરી હતી. પોલિસે મુગટ સાહિત બે વાહનોની ચોરીનો ભેદ ઉકેલી કુલ રૂ. ૨,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## વાતવાતમાં

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે પથિક પરમારની શ્રેષ્ઠ કવિતાઓ અને વાર્તાઓ પુસ્તક વિશે ડૉ. હાસ્યદા પંડયાનું વ્યાખ્યાન સાંજે ૫.૩૦ કલાકે આંબેડકર ભવન સમિતિ હોલ સે-૧૨ ખાતે યોજાશે.

● સે-૩-સી કલ્ચરલ સ્કેવર ખાતે સ્વ. અતુલભાઈ દશરથભાઈ ભાવસારની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન ભાવનાબેન ગોકલાણી આનંદનો ગરબો રજૂ કરશે.

## @ગાંધીનગર

● જિલ્લા પંચાયતના નવનિયુકત જિલ્લા વિકાસ અધિકારી શ્રી કોયાએ આજે તેમનો હોદ્દો સંભાળી લીધો છે અને તેમણે પંચાયતના શાખાધિકારીઓ સાથે બેઠક કરી તેમની કામગીરીનો આરંભ કર્યો છે.

● જિલ્લા કલેકટર શ્રી લાંગાએ પણ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે. વિદાય લેતા કલેકટર સતીષ પટેલને આજે સાંજે ભવ્ય વિદાય પણ આપવામાં આવી હતી અને નવ નિયુકત કલેકટરનું સ્વાગત કરાયું હતું.

● ગાંધીનગર મહાનગરપાલિકાના નવ નિયુકત કમિશનર અમરાણીએ પણ આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ વિધિવત રીતે સંભાળી લીધો છે.

● ગાંધીનગર મહાનગરપાલિકની મેયર ટીમ અને કમિશનર ટીમનો જામનગરની ટીમો સામે પરાજય થયો છે. આ સાથે જ ગાંધીનગરની ટીમો ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.

● જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં આજથી દ્વિતિય સત્રનું મૂલ્યાંકન આરંભાયું છે. ૧૬મી સુધી આ મૂલ્યાંકનની કામગીરી ચાલશે.

## શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ભાટના વિદ્યાર્થીઓની ઔદ્યોગીક મુલાકાત યોજાઈ

ગાંધીનગર, તા.૯

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ભાટના વિદ્યાર્થીઓની ગત તા. ૨ અને ૩ એપ્રિલના રોજ પ્રોજેકટ ઉડાન અંતર્ગત અદાણી પોર્ટ, મેંદ્રાની ઔધોગીક મુલાકાત લીધી હતી. જેમાં અદાણી ફાઉન્ડેશન સાઉથ પોર્ટ કે ત્યા બ્રેક વોટર- જે શીપના પાર્કીગમાં મદદરુપ થાય છે. તેમજ જેટી- જે શીપના લોડીંગ તથા અન લોડીંગ માટે મદદરૂપ થાય છે. નાના મોટા સ્ટ્રકચરના મહત્વપૂર્ણ ભાગો વિશે સવિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને પુરી પાડી હતી. આ ઔધોગીક મુલાકાતમાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓ અદાણી ઔદ્યોગીક મુલાકાત દરમિયાન અદાણી સંલગ્ન વીલમાર ની ઓઈલ રીફાઈનરી પ્લાન્ટ પણ નિહાળ્યો હતો. જેમાં ફોરચ્યુન તથા કીંગ્સ ઓટોનેશન પેકીંગ પ્લાન્ટની વિશેષ માહિતી આપવામાં આવી હતી. ટેકનોલોજીના જ્ઞાન સાથે યોગા અને લાફીંગ થેરાપીનો પણ વિશેષ



કાર્યક્રમ અદાણીના પંડયાજી દ્વારા કરવામાં આવ્યા હતા. અને યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ અદાણી ગ્રુપ દ્વારા સંચાલિત થર્મ પાવર પ્લાન્ટ ખાતે સિનિયર એન્જીનિયર આકાશભાઈ વરસડા દ્વારા થર્મલ પાવર વિશે સવિસ્તૃત માહીતી આપવામાં આવી હતી. જયા ૯ બોઈલર દ્વારા વિજ ઉત્પાદન દ્વારા ગુજરાત અને હરીયાણા સરકારની વિજ જરુરીયાત પુરી પાડે છે.જયાં વિદ્યાર્થીઓને આધુનિક એનર્જી ટ્રાન્સમીશન હાઈ વોલ્ટેજ ડાયરેકટ કરન્ટ ટેકનોલોજી વિશે માહિતગાર કર્યા હતા. ઉપરાંત બ્લેક આઉટ, પાવર, આઈલેડીંગ, એફીસીપેન્ટ એનર્જી, જનરેશન તેમજ ટ્રાન્સમીશન વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. આ ઔદ્યોગીક મુલાકાતમાં વિદ્યાર્થીઓએ આનંદ વ્યકત કર્યો હતો.

## લાયોનેસ કલબ દ્વારા પગરખાનું વિતરણ

ગાંધીનગર, તા.૯

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨માં ચંપલ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં ચંપલ વિના ફરતા ગરીબ બાળકોને ચંપલ વિતરણ કરવામાં આવ્યા હતા. લાયોનેસ પ્રમુખ મિનાક્ષીબેન જય સિંઘાણી, સેક્રેટરી નીતાબેન રાણા, એરિયા ચેરપર્સન ચંદાબેન યાદવ, આચાર્ય માયાબેન પટેલ તથા લાયન્સ કલબના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.




## સેકટર-૩-સીના પ્રશ્નોના નિકાલ અર્થે આંદોલન ઉપવાસની ચીમકી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર સેકટર-૩-સી વસાહત મંડળ મારફતે તાજેતરમાં સ્ટ્રીટ લાઈટ દવાખાનું, બગીચો અને પાણીના પ્રશ્ને ઉપવાસ આંદોલન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ મારફત આરોગ્ય સચિવશ્રીને પત્ર લખવામાં આવેલ. આ સમયે વસાહત મંડળના મહામંત્રી નરસિંહભાઈ પરમાર મારફતે અનેક રજુઆતો કરવામાં આવી હતી. જેને પાંચ વર્ષ પૂર્ણ થવા છતાં કોઈ જ કાર્યવાહી થયેલ નથી. અધિક નિયામક આરોગ્ય મારફત તા. ૩-૭-૨૧૦ના પત્રથી દવાખાનું ચાલુ કરવા ખાતરી આપી હતી. જે આજ દિન સુધી દવાખાનું ચાલુ થયેલ નથી અને વસાહતીઓ હાડમારી ભોગવી રહ્યા છે.

સેકટર-૩સીના બગીચામાં નવી બેટરી નાંખી આપવા ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાને પણ જાણ કરેલ છે. બગીચામાં નાંખવામાં આવતી બેટરી ચોરાઈ ગયેલ હોવાથી અંધારપટમાં મુશ્કેલી પડે છે તો સ્તવરે લાઈટ ચાલુ કરવી જોઈએ તેમજ સેકટર-૩નો બગીચો નાનો હોવાથી વિસ્તરણ કરવો જોઈએ. આ માંગણીઓ. ૩૦મી એપ્રિલ સુધીમાં પુર્ણ કરવામાં નહિ આવે તો ગુજરાત સ્થાપના દિને ઉપવાસ આંદોલન શરુ કરવામાં આવશે તેમ નરસિંહભાઈ પરમાર મહામંત્રીશ્રીએ જણાવેલ છે.

## જયોતિબા ફૂલેની ૧૯૧મી જન્મજયંતિની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૯

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા મહાન સમાજ સુધારક જયોતિબા ફૂલેની જન્મજયંતિ નિમિત્તે શ્રધ્ધા સુમન અર્પવામાં આવશે. આ ઉજવણી તા. ૧૧ એપ્રિલના રોજ સાંજના ૬ થી ૮ કલાક દરમિયાન રોહિદાસ મંદિર સે-૬ ખાતે યોજાશે.



ગાંધીનગરમાં સેક્ટર -૨૭માં ગાયત્રી મહિલા મંડળ દ્વારા સે.૧ના ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે આનંદનગર નવરાત્રી ચોકમાં પવિત્ર ચૈત્ર માસ નિમિત્તે ઓખાહરણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથામાં વકતા પ્રો. ડો. મમતાબેન પંડિતે ભાવિક ભક્તોને શિવ-પાર્વતિના માનસ પુત્રી તથા બાણાસુરની પુત્રી ઓખાના હરણની કથાનું રસપાન કરાવ્યું હતું.

## વનચેતના કેન્દ્ર પાછળ નદીના કોતરમાં જુગાર રમતા ૫ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૯

સેકટર-૩૦ સર્કલ નજીક સ્થિત વન ચેતના નર્સરી પાછળ નદીના કોતરમાં ખુલ્લેઆમ જુગાર રમતા જુગારીયાઓને




ગાંધીનગર એલસીબી પોલીસે દરોડો પાડી ઝડપી પાડયા હતા. પોલીસ ટીમે રૂ. ૯૦૦૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરી પાંચ જુગારીયાઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાને પગલે એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિત અને ટી.આર. ભટ્ટ દારૂ જુગારની પ્રવૃત્તિ અટકાવવાની દિશામાં કાર્યરત છે ત્યારે આજે એલસીબી ટીમને જુગાર અંગેની ખાનગી બાતમી મળી હતી કે સેકટર-૩૦ સર્કલ નજીક વનચેતના નર્સરીની પાછળ સાબરમતી નદીના કોતરમાં કેટલાક જુગારીયાઓ ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા છે. જે હકીકતના આધારે એલસીબી ટીમે બાતમી સ્થળે દરોડો પાડી જુગારીયાઓનો ખેલ બગાડી નાખ્યો હતો. પોલિસે દરોડામાં જુગાર રમતા ઈસમો મુસ્તુફાખાન ઉર્ફે અહમદખાન બાબુખાન પઠાણ(રહે. પેથાપુર કસ્બા) હનીફમીયા, અલી મહંમદ સીંધી (રહે. બિલમણા ગામ-દહેગામ), કનુભાઈ મનજીભાઈ પ્રજાપતિ રહે. દહગામ) બસિરમીયા યુસુફમીયા રાચોડ (રહે. પેથાપુર કસ્બા) તથા ઈબ્રાહીમ હસ્વી મનસુરી (રહે. ચિલોડા)ની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલિસે આ તમામ વિરુધ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સતત ૨૨મા વર્ષે આત્મન્ અભિવ્યકિત બાળશિબિર યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ આત્મન્ ફાઉન્ડેશન દ્વારા આત્મન્ અભિવ્યકિત બાળશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જ્ઞાન સાથે ગમ્મત આપતી આ શિબિર સતત ૨૨મા વર્ષે યોજાઈ રહી છે. જે તા. ૧૭, ૧૮, ૧૯ (મંગળ, બુધ, ગુરુ) એપ્રિલ-૨૦૧૮ દરમિયાન યોજાશે. શિબિરનો સમય સવારે ૯.૩૦ થી ૬.૦૦ વાગ્યા સુધીનો રહેશે. શિબિરનું સ્થળ સુંદર પ્રાકૃતિક છે. શ્રી જવાહરલાલ નહેરુ સરકારી વનૌષધિ ઉદ્યાન, સરકીટ હાઉસ પાછળ, જ રોડ, સે-૧૯ બસ સ્ટેન્ડ, ગાંધીનગર ખાતે શિબિર યોજાનાર છે. ધો-૧ થી ૯ના બાળકો પ્રતિક ફી ભરીને ભાગ લઈ શકશે.

શિબિર દરમિયાન બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે બ્રિધિંગ, એકસરસાઈઝ, બાળગીત, સંગીત, ચિત્રકામ, ક્રાફટ, અભિનય-નાટક, નૃત્ય, રમત-ગમત, જાદુના-વિજ્ઞાનના પ્રયોગો, વાર્તા, વ્યકિતત્વ ઘડતરની વાતો વગેરે કરાવાશે.

તા. ૧૫-૪-૨૦૧૮ સુધીમાં ફોર્મ ભરીને રજુ કરવાના રહેશે. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. ફોર્મ મેળવવા માટે સુધાબેન શુકલ-મો. ૯૮૭૯૨ ૭૯૫૨૯, તુષાર દવે-મો. ૯૨૭૫૧ ૫૩૮૦૪, જીગરભાઈ-મો. ૯૮૯૮૦ ૬૧૨૯૦, સંજય થોરાત-મો. ૯૯૨૪૦ ૫૭૦૪૯, વિક્રમ જાની-મો. ૯૭૨૭૭ ૨૦૬૮૬, જયશ્રી આર. ખેતિયા-મો. ૯૩૭૪૮૦૫૯૪૮, કુંતલભાઈ નિમાવત-મો. ૯૮૨૪૫ ૧૦૧૪૫ તથા રણછોડભાઈ પરમાર-મો. ૯૪૨૯૯ ૬૭૧૭૯નો સંપર્ક સાધવા જણાવાયું છે.

## કરાઈ રીંગ રોડ પર દારૂ ભરેલી બિનવારસી હોન્ડા સીટી કાર મળી

### ડભોડા પોલિસે દારૂનો જથ્થો અને કાર મળી કુલ રૂ. ૧.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સરદાર પટેલ રીંગ રોડથી કરાઈ જતા માર્ગ પર દારૂ ભરેલી બિનવારસી કાર મળી આવતા ડભોડા પોલિસે ઘટના સ્થળે પહોંચી દારૂ અને કાર સહિતનો રૂ. ૧.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ડભોડા પોલિસને ખાનગી બાતમી મળી હતી કે સરદાર પટેલ રીંગ રોડથી કરાઈ તરફ જતા માર્ગ પર સિલ્વર કલરની હોન્ડાસીટી કાર જે બિનવારસી હાલતમાં પડી છે જેમાં વિદેશી દારૂ ભરેલો છે જે હકીકતના આધારે ડભોડા પોલિસની ટીમે બાતમી સ્થળે દરોડો પાડી કારમાં તપાસ કરી હતી. જેમાં વિદેશી દારૂ-બિયરની ૧૯૫ બોટલ મળી આવી હતી. ડભોડા પોલિસે કાર સહિત રૂ. ૨૬૦૦૦ની કિંમતનો દારૂ મળી કુલ રૂ. ૧.૨૬ લાખનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કર્યો હતો. પોલિસે આ મામલે આરોપીની શોધખોળ હાથ ધરી છે.